# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

**ધોરણ : ૬** | **સામાજીક વિજ્ઞાન** | **કુલ ગુણ : ૮૦**

**તારીખ : ૧૫/૦૪/૨૦૧૯** | **(દ્વિતીય સત્ર)** | **સમય : ૭-૧૫ થી ૦૯-૧૫**

---

પ્રશ્ન: 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરો. (16)

1. સૌથી જૂનો વેદ કયો છે ?
   (A) અથર્વવેદ (B) સામવેદ (C) યજુર્વેદ (D) ઋગ્વેદ
2. ઉકાઈ યોજના કઈ નદી પર આવેલી છે ?
   (A) બનાસ (B) સાબરમતી (C) તાપી (D) ભાદર
3. નીચેનામાંથી કયા રાજયનો ગણરાજયમાં સમાવેશ થતો ન હતો?
   (A) કપિલવસ્તુ (B) અવંતિ (C) મિથિલા (D) વૈશાલી
4. ગુજરાતમાં પંચાયતી રાજ્યનું માળખું કેટલા સ્તરનું છે?
   (A) ચાર (B) ત્રણ (C) બે (D) એક
5. ગુજરાતમાં તમાકુનું સૌથી વધારે ઉત્પાદન કયા વિસ્તારમાં થાય છે?
   (A) ભાલ (B) વાગડ (C) કાનમ (D) ચરોતર
6. નગરપાલિકાના વહીવટી વડા કયા નામે ઓળખાય છે ?
   (A) ચીફ ઓફિસર (B) મામલતદાર (C) કલેકટર (D) મેયર
7. મહાવીર સ્વામીનું બાળપણનું નામ શું હતું?
   (A) રાહુલ (B) વર્ધમાન (C) સિદ્ધાર્થ (D) શુદ્ધોધન
8. ગુજરાતમાં તહેવારોની શરૂઆત ક્યારથી થાય છે?
   (A) ઉત્તરાયણથી (B) દિવાળીથી (C) નવરાત્રિથી (D) અખાત્રીજથી
9. ગુજરાતમાં અશોકનો શિલાલેખ કયાં આવેલો છે ?
   (A) જામનગર (B) અમરેલી (C) જૂનાગઢ (D) વડોદરા
10. નીચેના પૈકી કઈ કુદરતી આપત્તિની આગાહી કરી શકાય નહિ ?
    (A) પૂર (B) વાવાઝોડું (C) દુકાળ (D) ભૂકંપ
11. ગુપ્તવંશના કયા રાજાએ' કવિરાજ 'નું બિરુદ મેળવ્યું હતું?
    (A) સમુદ્રગુપ્તે (B) ચંદ્રગુપ્ત પહેલાએ (C) ચંદ્રગુપ્ત બીજાએ (D) શ્રીગુપ્તે
12. ઓસ્ટ્રેલિયાની રાજધાની કઈ છે ?
    (A) સીડની (B) મેલબોર્ન (C) પર્થ (D) કેનબરા
13. ગુજરાતમાં કયા મહિનામાં સૌથી વધુ ગરમી પડે છે?
    (A) મે (B) જૂન (C) માર્ચ (D) એપ્રિલ
14. નીચેના પૈકી કયું ખનિજ પેન્સિલ બનાવવા માટે વપરાય છે ?
    (A) ગ્રેનાઈટ (B) ગ્રેફાઇટ (C) અકીક (D) ડોલોમાઇટ

Scanned by CamScanner

15. નારાયણ સરોવર કયા જિલ્લામાં આવેલું છે?

(A) વડોદરા (B) અમદાવાદ (C) કચ્છ (D) નર્મદા

16. વિશ્વભરમાં ગુજરાત કયા ઉત્સવની ઉજવણી માટે પ્રસિદ્ધ છે ?

(A) હોળી (B) દિવાળી (C) ધૂળેટી (D) નવરાત્રિ

પ્રશ્ન: 2 (A) ખાલી જગ્યા પૂરો. (5)

1. વૃક્ષો ............. નું ધોવાણ અટકાવે છે.
2. ભારતના નાગરિકને મત આપવાનો અધિકાર ............. વર્ષની ઉંમરે મળે છે .
3. મહાનગરપાલિકાના વડાને .............. કહે છે .
4. ગણરાજ્ય સંઘનું સભા સ્થળ ................ તરીકે ઓળખાતું
5. બૌદ્ધ સાધુઓ ............. તરીકે ઓળખાય છે.

પ્રશ્ન: 2 (B) મને ઓળખો (5)

1. હું ઑક્ટોપસ માટે જાણીતું સ્થળ છું.
2. હું ગુપ્તસંવતનો પ્રવર્તક હતો
3. મારા પાનમાંથી પડિયા અને પતરાળાં બને છે
4. મેં મૌર્ય સામ્રાજ્યની સ્થાપના માટે ચંદ્રગુપ્તને મદદ કરી હતી
5. હું ગુજરાતમાંબાજરીનું સૌથી વધુ ઉત્પાદન કરતો જિલ્લો છું.

પ્રશ્ન: 2 (C) 'અ'વિભાગમાં આપેલ વિગતની બાજુના ☐ માં 'બ' વિભાગની વિગતનો યોગ્ય ક્રમ લખો. (5)

| (અ) | (બ) |
|---|---|
| A. ઘઉં | (1) સિમેન્ટ ઉદ્યોગ |
| B. કપાસ | (2) ઇજનેરી ઉદ્યોગ |
| C. ચૂનાનો પથ્થર | (3) કાપડ ઉદ્યોગ |
| D. અમદાવાદ | (4) ચરોતર પ્રદેશ |
| E. રાજકોટ | (5) ભાલ પ્રદેશ |
| | (6) કાનમ પ્રદેશ |

પ્રશ્ન: 2 (D) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (5)

1. ઋચાઓના સમૂહને 'મંત્રો' કહેવાય છે.
2. ડાંગ જિલ્લામાં બરડીપાડા અભયારણ્ય આવેલું છે.
3. બાજરીના પાકને કાળી જમીન માફક આવે છે.
4. ઉત્તર ગુજરાતમાં તળપદી બોલી બોલાયછે.
5. વીજળીથી લાગેલી આગને પાણીથી ઓલવવી જોઈએ નહિ.

પ્રશ્ન: 2 (E) વર્ગીકરણ કરો. (4)

(ભાદર, ચૂનાનો પથ્થર ચોશિંગા, સુરસાગર, હરણ , ઢાઢર, નારાયણ, અકીક)

| સરોવર | નદી | પ્રાણી | ખનિજ |
|---|---|---|---|
| | | | |

Scanned by CamScanner

પ્રશ્ન: 3 (A) નીચેના પ્રશ્નોનાઉત્તર એક-બે વાક્યોમાં આપો. (કોઈપણ ચાર) (4)

1. પ્રાચીન સમયમાં કયા કયા દેવતાઓને મહત્વ પૂર્ણ માનવામાંઆવતા હતા ?
2. ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કઈ કઈ છે ?
3. મહાભિનિષ્ક્રમણ કોને કહેવામાં આવે છે ?
4. એન્ટાર્કટિકા ખંડમાં આવેલા ભારતના સંશોધન કેન્દ્રોનાં નામ આપો
5. સિંચાઇ એટલે શું ?

પ્રશ્ન: 3 (B) ટૂંકમાં સમજાવો (કોઈપણ ત્રણ) (6)

1. આબોહવા
2. ત્સુનામી
3. પરિવહન
4. ચેકડેમ

પ્રશ્ન: 3 (C) નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં આપો (કોઈપણ ત્રણ) (9)

1. જિલ્લા પંચાયતના કોઈપણ ત્રણ કાર્યો લખો.
2. ગૌતમ બુદ્ધે કયા કયા ઉપદેશ આપ્યા હતા ?
3. આબોહવાની માનવજીવન પર કેવી અસરો થાય છે ?
4. કોઈપણ ત્રણ પાકના નામ લખી તે પાકને અનુકૂળજમીન અને જરૂરી વરસાદની વિગત લખો.

પ્રશ્ન: 4 (A) નીચેનાં વિધાનો માટે કારણો આપો (કોઈપણ ત્રણ) (9)

1. જૈન અને બૌદ્ધ ભિક્ષુકો માટે સંઘો અને વિહારો બાંધવામાં આવ્યા.
2. એન્ટાર્કટિકા ખંડમાં વનસ્પતિનો વિકાસ થતો નથી.
3. સમ્રાટ અશોકનું હૃદય પરિવર્તન થયું.
4. ઑસ્ટ્રેલિયામાં વસતિ ઘણી ઓછી છે.

પ્રશ્ન: 4 (B) ટૂંક નોંધ લખો (કોઈપણ બે) (8)

1. ગુજરાતમાં ઉનાળો
2. અજાયબ ખંડ એન્ટાર્કટિકા.
3. જળ સંસાધનોનું મહત્ત્વ

પ્રશ્ન: 5 ગુજરાતના રેખાંકિત નકશામાં નીચે આપેલાં સ્થળો દર્શાવો (4)

1. સાસણગીર
2. નર્મદા નદી
3. નળ સરોવર
4. ખંભાતનો અખાત

(માત્ર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ નકશાને સ્થાને ગુજરાતના દશ જિલ્લા અને તેનાં મુખ્ય મથકનાં નામ લખવાં)

Scanned by CamScanner